# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નીકિતા શાહ વાંચે છે.

---

- રાજ્યમાં સાર્વત્રિક મેઘ મહેર - અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ અને નર્મદામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
- અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં 30 નવી ગગનચૂંબી ઇમારતોને રાજ્ય સરકારની મંજૂરી
- મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સુરતમાં છ સપ્ટેમ્બરે જળસંચય જન ભાગીદારીનો કાર્યક્રમ યોજાશે - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ વર્ચ્યૂઅલ માધ્યમથી જોડાશે.
- સ્ટાઇપેન્ડના મામલે હડતાળ કરી રહેલા નિવાસી અને ઇન્ટર્ન તબીબોને આજે સવારે નવ વાગે ફરજ ઉપર હાજર થવા સરકારનું ફરમાન
- રાજ્યને મળી વધુ એક સેમિકંડક્ટર યુનિટની ભેટ - કેન્દ્રીય મંત્રીમંડળે સાણંદમાં કેયન્સ સેમિકોનના પ્લાન્ટની સ્થાપના માટે મંજૂરી આપી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN OVERALL

રાજ્યમાં ગઈકાલથી ફરી સાર્વત્રિક વરસાદ શરૂ થયો છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ખાસ કરીને મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ગઈકાલે હળવોથી ભારે વરસાદ વરસ્યો છે. સૌથી વધુ 8 ઇંચ વરસાદ તાપી જિલ્લામાં વરસ્યો છે. આ સાથે ડોલવણ, વાસંદા, ભરૂચ, સુબિરમાં છ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ગઈકાલે સવારે 6 વાગ્યાથી રાતના 8 વાગ્યા સુધીમાં કુલ 123 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આમાંથી સૌથી વધારે સાડા 8 ઇંચ વરસાદ તાપીના સોનગઢ તાલુકામાં વરસ્યો હતો. જ્યારે તાપીના વ્યારામાં સવા 8 ઇંચ, ડાંગના વઘઈમાં સાડા 7 ઇંચ વરસાદ નોંધાયાના અહેવાલ છે.

ડાંગનાં અમારા પ્રતિનિધિ મુનીરા શેખ જણાવે છે કે, આહવા, વઘઈ અને સુબિર પંથકના ગામમાં નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી લોકોના ઘરોમાં ભરાયાં છે. જ્યારે અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીમાં ઘોડાપુર આવ્યું છે.

નવસારીના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, પૂર્ણા નદી બે કાંઠે વહેતાં એક હજાર 280 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

આ અંગે જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રેએ વધુ માહિતી આપતાં આ મુજબ જણાવ્યું.

## (બાઇટ - ક્ષિપ્રા આગ્રે, નવસારી જિલ્લા કલેકટર)

ગણદેવીમાં પૂર્ણા–અંબિકા નદીના પાણીને કારણે રસ્તાઓ બંધ હોવાથી આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં આજે રજા જાહેર કરાઈ છે. અંબિકા, પૂર્ણા, કાવેરી નદી ભયજનક સપાટીથી 3 ફૂટ ઉપર વહી રહી છે.

મહીસાગર જિલ્લાના કડાણા ડેમમાં પાણીની આવક શરૂ થતાં ત્રણ દરવાજા ખોલી 60 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના પગલે કાંઠા વિસ્તારના 45 ગામને સાવચેત કરાયા છે.

પાટણના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં ગત મધ્ય રાત્રિ બાદ પવન અને વીજળીના ચમકારા સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે.

અમદાવાદમાં પણ ગત સાંજથી વરસાદ વરસી રહ્યો છે, જે હજી યથાવત છે.

ભરૂચમાં ગઈકાલે ધોધમાર વરસાદી ઝાપટા પડતાં કેટલાંક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જિલ્લામાં બે દિવસ અતિભારે વરસાદની આગાહીના પગલે કલેક્ટરે લોકોને સાવચેત રહેવા તથા કામ વગર બહાર ન જવા અપીલ કરી છે.

આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ કુલ 111 ટકા વરસાદ વરસ્યો છે. વરસાદના કારણે રાજ્યના 112 ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે. જ્યારે 44 ડેમ 70થી 100 ટકા વચ્ચે ભરાયા છે. હાલમાં 132 ડેમ હાઈ-અલર્ટ, 16 ડેમ અલર્ટ અને આઠ ડેમ ચેતવણી પર છે.

----------------------------------------------------------------------

- પીટીસી નવસારી, પાટણ, ડાંગ, મહીસાગર, તાપી, ભરૂચ, નિકીતા, દુર્ગેશ

# RAIN FORECAST

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.. આજે અમરેલી, ભાવનગર, આણંદ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, છોટાઉદેપુર, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, કેન્દ્રશાસિત પ્રદેશ દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. વિભાગે પાંચમી નવેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

હવામાન વિભાગે આજે અમદાવાદ, રાજકોટ સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.. આ અંગે અમદાવાદ હવામાન વિભાગના નિયામક અશોકકુમાર દાસે માહિતી આપી હતી.

બાઈટ - અશોક કુમાર દાસ, અમદાવાદ હવામાન વિભાગના નિયામક

---------------------------------------------------------------------

- હવામાન વિભાગ અખબારી યાદી -હર્ષલ પંડ્યા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# ROAD REPAIRING IN STATE

રાજ્યમાં ભારે વરસાદના કારણે જિલ્લા, તાલુકા, શહેર અને ગામને જોડતા અસરગ્રસ્ત થયેલા માર્ગોના સમારકામની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને આદેશ આપ્યા છે.

મોરબી જિલ્લામાં ધુળકોટ–બાળગંગા–કોયલી રોડ, લગધીરપુરથી રાષ્ટ્રીય ધોરીમાર્ગને જોડતો માર્ગ, ટંકારા તાલુકાના સાવડીથી નેસડાને જોડતો માર્ગ, ગાળાથી શાપર, રવાપર નદી સહિતના તમામ માર્ગનું સમારકામ કરી વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો છે.

સુરેન્દ્રનગરમાં પંચાયત હસ્તકના 68માંથી 54 જેટલા રસ્તાનું સમારકામ પૂર્ણ કરાયું છે. જ્યારે 14 જેટલા રસ્તા પણ શરૂ કરાવવા પ્રયાસ ચાલી રહ્યા છે. ભાવનગરમાં 34 પૈકી 21 રસ્તાના સમારકામની કામગીરી પૂર્ણ કરાઈ છે.

જ્યારે અરવલ્લીમાં 20 પૈકી 10 રસ્તાનું, જામનગરમાં જિલ્લામાં અતિભારે વરસાદના કારણે માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના 46 અને રાજ્ય હસ્તકના 3 રસ્તા સ્ટ્રક્ચર ડેમેજ અને ઓવરટોપિંગના કારણે બંધ થયા હતા. દેવભૂમિદ્વારકા જિલ્લામાં અસરગ્રસ્ત થયેલા 32 ગ્રામ્ય રસ્તાઓમાંથી 29 રસ્તાઓનું સમારકામ પૂર્ણ કરાયું છે.

-----------------------------------------------------------------------

-(GUJ. INFO. – PRAVESH)
-(NAVIN)

# INTERNATIONAL SKYSCRAPER DAY 2024

રાજ્યમાં આજે ત્રીજી સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય સ્કાયસ્ક્રેપર દિવસની ઉજવણી કરાશે. સરકારે હાલમાં રાજ્યમાં 30 નવી ગગનચૂંબી ઇમારતોને મંજૂરી આપી છે. હવે અમદાવાદમાં 25, સુરત અને ગાંધીનગરમાં 2-2 અને વડોદરામાં એક ગગનચૂંબી ઇમારત બનાવવામાં આવશે. આ ઇમારતોમાં 20 રહેણાંક, સાત વાણિજ્યિક, 2 મિશ્ર-ઉપયોગ અને એક જાહેર ઇમારતનું નિર્માણ કરાશે.

વર્ષ 2017 સુધી રાજ્યમાં ઇમારતો માટે મહત્તમ 70 મીટરની ઊંચાઈ માન્ય હતી. જોકે, 27 મે 2021ના દિવસે જાહેર થયેલા નવા નિયમોએ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર જેવા મોટા શહેરમાં ગગનચૂંબી ઇમારતોના વિકાસ માટે માર્ગ મોકળો કર્યો છે.

---

-(ગાંધીનગર માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# SURAT JALSANCHAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સુરત ખાતે છ સપ્ટેમ્બરે જળસંચય જન ભાગીદારીનો કાર્યક્રમ યોજાશે, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ વર્ચ્યૂઅલ માધ્યમથી જોડાશે. આ કાર્યક્રમના આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ ગઈ.

કલેક્ટરે જણાવ્યું કે, આ કાર્યક્રમમાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લાના જળ સંચયના કામોનો શુભારંભ થશે. વરસાદી પાણીને જમીનમાં સંગ્રહ કરવા રાષ્ટ્રીય જળ મિશન હેઠળ ‘કેચ ધ રેઇન’, વરસાદી જળસંચયના કામો દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં જનભાગીદારી સાથે મોટી સંખ્યામાં થશે. જ્યારે કેન્દ્રીય જળશકિત મંત્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં આવતીકાલે સવારે માંડવીના તડકેશ્વર ખાતે જળસંચય જન ભાગીદારી અભિયાનનો કાર્યક્રમ યોજાશે, સુરતમાં 2 હજાર 31 જેટલા જળસંચયના કામોનું ખાતમુહૂર્ત કરશે.

---

-(સુરત માહિતી ખાતા – પ્રવેશ)

-(NAVIN)

# DOCTOR STIRKE

રાજ્ય સરકારના સ્ટાઇપન્ડ વધારાના વિરોધમાં આંદોલન કરી રહેલા રેસિડન્ટ અને ઇન્ટર્ન તબીબોને આજે સવારે ૯ વાગ્યા સુધીમાં પોતાની ફરજ પર હાજર થવા રાજ્ય સરકારે ફરમાન કર્યું છે.

રાજ્ય સરકારે રેસિડન્ટ અને ઇન્ટર્ન તબીબોના સ્ટાઇપન્ડમાં વધારો કર્યો હતો, જેનો તબીબોએ વિરોધ કર્યો હતો. 31મી ઓગસ્ટથી આ તબીબો હડતાળ ઉપર ઉતર્યા છે. બીજે મેડિકલ કોલેજના ડીન અને નિયામક દ્વારા આ આદેશ અપાયો છે. જો આંદોલન કરી રહેલા તબીબો આજે ફરજ પર હાજર નહીં થાય તો શિક્ષાત્મક પગલાં લેવાનું પણ આ પત્રમાં જણાવાયું છે.

---

-રીપીટ

# SEMI CONDUCTOR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે કેનેસ સેમિકોન પ્રાઇવેટ લિમિટેડની ગુજરાતનાં સાણંદમાં સેમિકન્ડક્ટર યુનિટ સ્થાપિત કરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી. ૩,૩૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે સૂચિત એકમની સ્થાપના કરવામાં આવશે.

આ યુનિટની ક્ષમતા દરરોજ ૬૦ લાખ ચિપ્સ ઉત્પાદનની હશે.આ યુનિટમાં ઉત્પાદિત ચિપ્સ વિવિધ પ્રકારની એપ્લિકેશનોને પૂરી પાડશે. જેમાં ઔદ્યોગિક, ઓટોમોટિવ, ઇલેક્ટ્રિક વાહનો, કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ, મોબાઇલ ફોન વગેરે જેવા સેગમેન્ટનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# SOMNATH

શ્રાવણ માસના અંતિમ સોમવાર અને સોમવતી અમાસના અવસરે ગઈકાલે સોમનાથ ખાતે ઓમેશ્વર મહાપૂજા, ધ્વજપૂજા, રૂદ્રાભિષેક પાઠ, બિલ્વપૂજા, શ્રૃંગાર પૂજા સહિત પૂજા અર્ચના કરાઈ હતી.

55 હજારથી વધુ ભક્તોએ ગઈકાલે સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સંધ્યા આરતીમાં મહાદેવને 200 કિલો ફૂલોથી શણગારવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી રાજેશ ભજગોતર - નીકિતા - દુર્ગેશ

# PATAN HOSPITAL

રાજ્ય સરકારે પાટણ જિલ્લાના ધારપુર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરી કેન્દ્રને મંજુરી આપી છે.

જેના પગલે ધારપુર મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે આરોગ્ય સુવિધામાં વધારો થયો છે અને ઉત્તર ગુજરાત વિસ્તારના બાળકોને ઘરઆંગણે કોકલિયર ઇમ્પ્લાન્ટ સર્જરીનો લાભ મળશે.

ધારપુર મેડિકલ કોલેજના ડીનના જણાવ્યા અનુસાર આ સુવિધા આર્થિક રીતે નબળા અને જરૂરિયાતમંદ પરિવારના બાળકો માટે આશીર્વાદ પૂરવાર થશે.

-----------------------------------------------------------------------

- પીટીસી પાટણ નીકિતા - દુર્ગેશ

# Panchmahal Nivasi Talim Varg

પંચમહાલ જિલ્લાના યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો માટે લશ્કરી ભરતી પૂર્વે ૩૦ દિવસનો નિવાસી તાલીમ વર્ગ શરુ કરવાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ૩૦ ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરીક અને લેખીત પરીક્ષા અંગે તજજ્ઞ વક્તાઓ દ્વારા વિનામુલ્યે તાલીમ અપાશે.

નિવાસી તાલીમમાં જોડાનારા ઉમેદવારોને રહેવા અને જમવાની સુવિધા અને સ્ટાઈપેન્ડ અને સાહિત્ય વિનામુલ્યે આપવામાં આવશે. તાલીમમાં જોડાવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ જરૂરી દસ્તાવેજ સાથે નિયત અરજી પત્ર જીલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતેથી મેળવી -૧૫ દિવસમાં રૂબરૂમાં  જમા કરાવવાનું રહશે

---

- PTC-PANCHMAHAL-VIPUL PUROHIT, MITTAL, SONAL